# ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન
# ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ લીમીટેડ

એચ-31 થી 34 અને એચ-53, ઇ.એસ.આઇ. હોસ્પિટલ સામે, જીઆઇડીસી એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-382415. ફોન નં. :079-22871202, મો નં. : 9409367407.

ODHAV ESTATE INFRASTRUCTURE DEVELOPMENT LTD.

**ઓઢવ બુલેટીન**

પરીપત્ર નં.: 04/2024-25
તારીખ : 07/10/2024

BY THE MEMBER - OF THE MEMBER - FOR THE MEMBER


| પ્રમુખ | સી. ઉપપ્રમુખ | ઉપપ્રમુખ | માનદમંત્રી | ખજાનચી | સહ માનદમંત્રી | સહ ખજાનચી |
|---|---|---|---|---|---|---|
| શ્રી મુકેશ વેકરીયા<br>22892302 | શ્રી પરેશ પટેલ<br>22974559 | શ્રી દિવ્યેશ લાડવા<br>22870002 | શ્રી રાજેશ પટેલ<br>22890011 | શ્રી દર્શન મહેતા<br>22871924 | શ્રી કિરણ પટેલ<br>9825067399 | શ્રી ધર્મેન્દ્ર પંચાલ<br>9376198218 |

## પ્રમુખ સ્થાને થી....

ઉદ્યોગકાર મિત્રો,

જય અંબે....!!!
દરેક મિત્રોને નવરાત્રીની શુભેચ્છાઓ...
માં દુર્ગાનું આરાધનાનું પર્વ ચાલી રહ્યું છે ત્યારે આપણે ઉત્તરોતર પ્રગતિ કરીએ એવી માતાજીના ચરણોમાં પ્રાર્થના...

આપણા એસોસિએશનમાં આપણે સૌ સાથે મળી કામ કરીએ છીએ. આપણી પરંપરા મુજબ આ વર્ષે પણ કારોબારી સભ્યોને સર્વાનુમતિથી પસંદગી કરવામાં આવી. ચૂંટાયેલા ચારે કારોબારી સભ્યોને હું હાર્દિક અભિનંદન પાઠવું છું અને આશા રાખું છું કે આપની ક્ષમતા અને કાબેલિયત દ્વારા એસોસિયેશનને આગળ લઈ જવામાં આપ પુરા પ્રયત્નથી કામ કરશો. મને પણ આપની સાથે કામ કરવાનો આનંદ આવશે.

મિત્રો, AMA ના સહયોગથી આપણે દર અઠવાડિયે ઉદ્યોગલક્ષી / વ્યક્તિત્વ વિકાસને લગતા કાર્યક્રમો કરી રહ્યા છીએ જેનો ખૂબ સારો પ્રતિસાદ આપના તરફથી મળી રહ્યો છે. હજુ પણ જે લોકો ભાગ નથી લઈ રહ્યા તેમને મારી વિનંતી છે કે આપ અને આપના સ્ટાફ મિત્રો અવશ્ય ભાગ લેશો. આગામી ઓક્ટોબરમાં થનાર કાર્યક્રમનું લિસ્ટ આ સાથે આપેલ છે જે મુજબ આપનું ટાઈમ ટેબલ સેટ કરી એમાં ભાગ લેશો તેવી આશા રાખું છું.

મિત્રો મને જણાવતા આનંદ થાય છે કે આપણે "ગ્રીન ઓઢવ, ક્લીન ઓઢવ" અભિયાનના ભાગરૂપે આપણે એસ્ટેટમાં 1227 વૃક્ષોનું સફળ વાવેતર કરી ચુક્યા છીએ. જુના અને નવા વૃક્ષો મળી આપણી જીઆઈડીસીમાં કુલ 2584 વૃક્ષો ઉછેર પામી રહ્યા છે. આપણા પર્યાવરણને શુદ્ધ કરી રહ્યા છે. અમારી ટીમ દ્વારા આપને વૃક્ષો દત્તક લેવાની અપીલ કરવામાં આવી હતી તેના પ્રતિસાદરૂપે કુલ 135 વૃક્ષો આપણા સભ્યો દ્વારા દત્તક લીધેલ છે. જેમને આ કાર્યમાં સહકાર આપ્યો છે તેમનો હું હૃદયથી આભાર માનું છું.

મિત્રો વર્ષ 2023-2024 નો વાર્ષિક અહેવાલ (53 મો વાર્ષિક અહેવાલ) આપને મળી ચૂક્યો હશે. હું આશા રાખું છું કે દરેકે એનો અભ્યાસ કર્યો હશે. અમારે ટીમ દ્વારા વર્ષ 2023-2024 માં જે કાર્યો થયા એની જાણકારી આપવાનો નાનકડો, પણ નવતર પ્રયાસ કર્યો છે જે આપ સૌને પસંદ આવ્યો હશે. આગામી સમયમાં આપણે હજુ વધુ સારું કામ કરી શકાય એ માટેના આપના સૂચનો આવકાર્ય છે. ગત વાર્ષિક સામાન્ય સભા (AGM) માં લગભગ 200 સભ્યો હાજર રહી અમારો ઉત્સાહ વધાર્યો એ બદલ સૌનો આભારી છું.

મિત્રો, ટૂંક સમયમાં આપણે દિવાળીની તૈયારીમાં લાગી જઈશું. આગામી સવંત 2081 ની આપ સૌને શુભેચ્છા પાઠવું છું.

મુકેશ વેકરીયા (પ્રમુખશ્રી)
ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## વર્ષ 2024-2025 ની નવી કારોબારી કમિટી

| ક્રમ | હોદ્દેદારોના નામ | હોદ્દા | કંપનીનું નામ | ફોન નંબર |
|---|---|---|---|---|
| 1 | શ્રી મુકેશભાઈ વેકરીયા | પ્રમુખ | જેક્ટેક હાયડ્રોલીક્સ<br>P-433, જીઆઈડીસી, ઓઢવ. | 22892302 |
| 2 | શ્રી પરેશભાઈ પટેલ | સી. ઉપ-પ્રમુખ | પાયોનીયર એન્જીનીયરીંગ સર્વિસીસ<br>P-428/429, જીઆઈડીસી, ઓઢવ. | 22974559 |
| 3 | શ્રી દિવ્યેશભાઈ લાડવા | ઉપ-પ્રમુખ | ગાત્રાડ કેલ-ટેસ્ટ લેબ. એન્ડ રીસર્ચ પ્રા.લી.<br>P-248, જીઆઈડીસી, ઓઢવ. | 22870002 |
| 4 | શ્રી રાજેશભાઈ પટેલ | માનદમંત્રી | ડાયનેમિક કંટ્રોલ સિસ્ટમ્સ<br>L-535/1, જીઆઈડીસી, ઓઢવ. | 22890011 |
| 5 | શ્રી દર્શનભાઈ મહેતા | ખજાનચી | એમ. એસ. ટીન વર્ક્સ<br>P-246+247, જીઆઈડીસી, ઓઢવ. | 22871924 |
| 6 | શ્રી કિરણભાઈ પટેલ | સહ-માનદમંત્રી | રીયલ કાસ્ટ ફાઉન્ડ્રી પ્રા. લી.<br>P-90+91/2 & 90+91/5, જીઆઈડીસી, ઓઢવ. | 9825067399 |
| 7 | શ્રી ધર્મેન્દ્રભાઈ પંચાલ | સહ-ખજાનચી | જે.એમ.પી. પ્રોડક્ટસ<br>L-99, જીઆઈડીસી, ઓઢવ. | 9376198218 |
| 8 | શ્રી નિશાંતભાઈ શાહ | કારોબારી સભ્ય | હીટ ટ્રીટ એન્ટરપ્રાઈઝ<br>P-9+10, જીઆઈડીસી, ઓઢવ. | 22875223 |
| 9 | શ્રી નીરવભાઈ ભાખર | કારોબારી સભ્ય | નવરંગ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ<br>L-77+78, જીઆઈડીસી, ઓઢવ. | 22871136 |
| 10 | શ્રી આલાપભાઈ પટેલ | કારોબારી સભ્ય | અંબિકા એન્જી. એન્ડ વાયર ઈન્ડસ્ટ્રીઝ<br>L-44+45, જીઆઈડીસી, ઓઢવ. | 22871245 |
| 11 | શ્રી નિલેશભાઈ કોઠીયા | કારોબારી સભ્ય | સુપર્બ કેમ. ઈન્ડસ્ટ્રીઝ<br>L-118, જીઆઈડીસી, ઓઢવ. | 22870082 |
| 12 | શ્રી પ્રેરકભાઈ પટેલ | કારોબારી સભ્ય | પટેલ પોલીમર્સ<br>P-439/7, જીઆઈડીસી, ઓઢવ. | 22970874 |
| 13 | શ્રી મીતભાઈ પંડ્યા | કારોબારી સભ્ય | નેશનલ પ્રોસેસ પ્રા. લી.<br>P-372+374, જીઆઈડીસી, ઓઢવ. | 22873777 |
| 14 | શ્રી સ્પંદનભાઈ શાહ | તત્કાલીન પૂર્વ પ્રમુખ | મેક-ઓ-કેમ ઈન્ડસ્ટ્રીઝ<br>P-11+15, જીઆઈડીસી, ઓઢવ. | 22870388 |
| 15 | શ્રી કેતનભાઈ માવાણી | કો-ઓપ્ટ. સભ્ય | ફ્લુઈડ પાવર એન્જીનીયરીંગ<br>L-606, જીઆઈડીસી, ઓઢવ. | 22891665 |
| 16 | શ્રી દિલીપભાઈ પટેલ | કો-ઓપ્ટ. સભ્ય | ઓટો પંપ મેનુફેક્ચરીંગ કુ.<br>L-448, જીઆઈડીસી, ઓઢવ. | 22890496 |

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

| ક્રમ | હોદ્દેદારોના નામ | હોદ્દા | કંપનીનું નામ | ફોન નંબર |
|---|---|---|---|---|
| 17 | શ્રી રાજેશભાઈ નલીયાધારા | કો-ઓપ્ટ. સભ્ય | પ્રજ્ઞા ઈન્ડસ્ટ્રીઝ<br>P-53/1, જીઆઈડીસી, ઓઢવ. | 9825260754 |
| 18 | શ્રી પ્રદ્યુમનભાઈ વૈષ્ણવ | વિભાગીય પ્રતિનિધિ | અવધેશ ઈન્ડસ્ટ્રીઝ<br>L-177, જીઆઈડીસી, ઓઢવ. | 22872397 |
| 19 | શ્રી ઉત્તમભાઈ પ્રજાપતિ | વિભાગીય પ્રતિનિધિ | ઉત્તમ મેટલ ઈન્ડસ્ટ્રીઝ<br>L-122, જીઆઈડીસી, ઓઢવ. | 22876535 |
| 20 | શ્રી હસમુખભાઈ પટેલ | વિભાગીય પ્રતિનિધિ | ધરતી પેકેજીંગ પ્રા. લી.<br>P-12/11, જીઆઈડીસી, ઓઢવ. | 22877811 |
| 21 | શ્રી નિખીલભાઈ પટેલ | ખાસ આમંત્રિત સભ્ય | ભવાની પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ<br>L-575, જીઆઈડીસી, ઓઢવ. | 22870162 |
| 22 | શ્રી જનકભાઈ પટેલ | ખાસ આમંત્રિત સભ્ય | મોડયુલ એન્જીનીયરીંગ કંપની<br>L-208, જીઆઈડીસી, ઓઢવ. | 22870059 |
| 23 | શ્રી સમીરભાઈ શાહ | ખાસ આમંત્રિત સભ્ય | દેવરસન્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.<br>P-442, જીઆઈડીસી, ઓઢવ. | 22970176 |
| 24 | શ્રી તારાચંદભાઈ જૈન | ખાસ આમંત્રિત સભ્ય | શ્રી નવકાર મેટલ્સ પ્રા. લી.<br>P-342, જીઆઈડીસી, ઓઢવ. | 22871016 |

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની યોજાયેલ વાર્ષિક સામાન્ય સભા

સભ્યમિત્રો, હાલમાં જ તા.17-09-2024 ને મંગળવારના રોજ સવારે 10:30 કલાકે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ ગઈ. જેમાં એસોસીએશનના પ્રમુખશ્રી, માનદમંત્રીશ્રી સાથે અન્ય હોદ્દેદારો, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ એસોસીએશનના સભ્યો પણ હાજર રહ્યા હતા.








પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા યોજાયેલ "AI and Co-Pilot For Daily Productivity" સેમીનાર


**તા.12-09-2024ને ગુરુવારના રોજ બપોરે 03:00 થી 06:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "AI and Co-Pilot for Daily Productivity" વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ Intech Systems Team ના વક્તા શ્રી અમિતભાઈ બાર્ધાન હતા.** જેમને **"AI and Co-Pilot"** વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી. જેમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું.






## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા યોજાયેલ "Effective Teamwork for Organization Growth" સેમીનાર

**તા.13-09-2024ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Effective Teamwork for Organization Growth" વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી ફ્રાન્સીસ લોબો હતા.** જેમને **"Teamwork"** વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી. આ દરમ્યાન ઓઢવ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખશ્રી સહિત અન્ય હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા.



## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા યોજાયેલ "Finding Global Trade Information" સેમીનાર

**તા.19-09-2024ને ગુરુવારના રોજ બપોરે 03:00 થી 06:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Finding Global Trade Infromation" વિષય ઉપર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી સુહયલ અબીદી હતા.** જેમને **"Global Trade"** વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી. જેમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.





**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા યોજાયેલ "Positive Communication at Workplace" સેમીનાર

**તા.20-09-2024ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Positive Communication at Workplace" વિષય ઉપર ખાસ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી ભાગ્યેશભાઈ દવે હતા.** જેમને **"Positive Communication"** વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તેમજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.





## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા યોજાયેલ "Export Basics, Documentation & Logistics" સેમીનાર

**તા.26-09-2024ને ગુરુવારના રોજ બપોરે 03:00 થી 06:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Export Basics, Documentation & Logistics" વિષય ઉપર ખાસ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી અંકિતભાઈ મજમુદાર હતા.** જેમને **"Export"** વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તેમજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.





## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા યોજાયેલ "Leadership In Crisis: Turning Adversity Into Opportunity" સેમીનાર

**તા.27-09-2024ને શુક્રવારના રોજ બપોરે 04:00 થી 06:00 કલાકે એસોસીએશન સેમીનાર હોલ ખાતે "Leadership In Crisis: Turning Adversity Into Opportunity" વિષય ઉપર ખાસ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન તરફથી આવેલ વક્તા શ્રી અંકિતભાઈ મજમુદાર હતા.** જેમને **"Leadership In Crisis"** વિષય ઉપર અંગે મહત્વની માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તેમજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ધ્વારા મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.





**પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...**

## નવા Advance Technology વાળા DS TRP પાણીના મીટર અંગે

**ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. દરેક સભ્યમિત્રોના હિત માટે સતત કાર્યરત છે.** અમોને ધ્યાનમાં આવ્યું છે કે ઘણાં સમયથી અમુક સભ્યોના પાણીના મીટરો બંધ છે અને બદલવામાં વિલંબ થઈ રહયો છે. **આથી ઓઢવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા નવા Advance Technology વાળા DS TRP પાણીના મીટરનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે આ નવા મીટર Highly Accuracy વાળા તેમજ કંપની દ્વારા પાંચ (5) વર્ષની રિપ્લેસમેન્ટ ગેરંટીવાળા છે.** (ગેરંટી માટે : મીટર પર લાગેલ કંપનીનું સીલ તુટેલું ના હોવું જોઈએ)

જુના મીટરમાં કોઈપણ પ્રકારની ગેરંટી આપવામાં આવતી નહોતી અને વખતોવખત ખરાબ થવાને કારણે OEIDL ને અને સભ્યોને ઘણું જ નુકશાન થતું હતું. આથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**નવા મીટરનો ખર્ચ નીચે મુજબનો રહેશે.**
- **15mm** - 2000/- + 350/- મીટર બદલી અને સીલ ખર્ચ + 400/- ફિલ્ટર ખર્ચ + 18% GST.
- **20mm** - 3950/- + 350/- મીટર બદલી અને સીલ ખર્ચ + 480/- ફિલ્ટર ખર્ચ + 18% GST.
- **25mm** - 5150/- + 350/- મીટર બદલી અને સીલ ખર્ચ + 525/- ફિલ્ટર ખર્ચ + 18% GST.
- **40mm** - 11900/- + 350/- મીટર બદલી અને સીલ ખર્ચ + 18% GST.
- **50mm** - 16900/- + 350/- મીટર બદલી અને સીલ ખર્ચ + 18% GST.

**જે સભ્યોના હાલના મીટર બંધ છે તેઓએ આ મીટર ફરજિયાતપણે OEIDL પાસેથી ખરીદી અને બદલવાના રહેશે.** હવે પછી જે સભ્યોના પાણીના મીટર 1 મહિનાથી વધારે સમય માટે બંધ રહેશે તેઓ પેનલ્ટી ચૂકવવાને પાત્ર રહેશે.

નોંધ :-
**જે એકમો એસોસીએશન સભ્યપદ ધરાવે છે તેઓ પાસેથી મીટર ફીટીંગ ચાર્જ લેવામાં આવશે નહિ.** હાલ જે એકમ **(પ્રાઈવેટ એસ્ટેટ સિવાયના)** ને એસોસીએશન આજીવન સભ્ય બનવું હોય તો તેઓ પાસેથી પણ મીટર ફીટીંગ ચાર્જ લેવામાં આવશે નહી.

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર (PHC, L-213) માં આપે નીચે મુજબની OPD સુવિધાઓનો લાભ લઈ શકો છો. આપ સર્વે સભ્યમિત્રોને વિનંતી કે, આપની કંપનીમાં કામ કરતાં કામદારભાઈઓને પ્રાથમિક સારવાર કેન્દ્ર વિષે માહિતી આપશો તથા આકસ્મિક સમયે તેનો અવશ્ય લાભ લે તેવી તજવીજ કરશો.

### ઉપલબ્ધ સુવિધાઓ

★ અનુભવી નિષ્ણાત ફીઝીશીયન દ્વારા નિ:શુલ્ક (મફત) OPD સેવા આપવામાં આવશે.
★ દરેક પ્રકારના તાવનું નિદાન તથા સારવાર કરવામાં આવશે.
★ ઝાડા, ઉલટી, કમળો તથા પેટનાં દર્દ વગેરેની સારવાર કરવામાં આવશે.
★ બી. પી. તપાસવામાં આવશે.
★ ડાયાબીટીસની તપાસ રૂ. 20/- (પટ્ટી દીઠ) તપાસ ફી સાથે તપાસવામાં આવશે.
★ ઈજા થયે ધનુરનું ઈન્જેક્શન આપવું, શરીર ઉપર ઊંડો ઘા પડે તો ટાંકા લેવા.
★ દર્દીને આંખમાં પથરી (હેમરી) પડે તો કાઢી આપવી.
★ ECG હદય પટ્ટી રીપોર્ટ રૂ. 20/- તેમજ ઓક્સીજન કોન્સન્ટ્રેટરની સુવિધા પણ ઉપલબ્ધ છે.

**તપાસ તેમજ દવાનો ચાર્જ નિ:શુલ્ક (મફત)**

**સમય**
**બપોરે : 02:00 થી 05:00 કલાકે**
સોમવાર થી શનિવાર
**રવિવારે રજા રહેશે.**

**ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન**
**સંચાલિત પ્રાથમિક સારવાર કેન્દ્ર**
એલ-૨૧૩, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨ ૪૧૫.
મો. નં. : 9409367407, ફોન નં. : 22871202

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## No Due / NOC / 2-R મેળવવા અંગે

ઓઢવ ઔધોગિક વસાહતના દરેક શેડ માલિકોને જણાવવાનું કે, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અને ઓઢવ એસ્ટેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ લી. નું No Due / NOC / 2-R મેળવવા માટે યુઝર કોન્ટ્રીબ્યુશન **(મ્યુનીસીપલ પ્રોપર્ટી ટેક્ષ બીલ વર્ષ 2015-2016 ના 300 % લેખે અને તે રકમ ઉપર તા. 31.03.2016 ના રોજ થી 18 % વ્યાજ અને તેના 18 % GST સહિત)** ભરવું ફરજીયાત છે. No Due / NOC / 2-R મેળવવા માટે નીચે પ્રમાણે કાગળો રજુ કરવા.

### 2-R પરમીશન / નો-ઓબ્જેક્શન માટે

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ NOC સર્ટીફીકેટ ફી :-

મેમ્બર માટે : રૂ.1000/- + 18 % GST
નોન મેમ્બર માટે : રૂ.2000/- + 18 % GST

### પાણીનું નો-ડ્યુ માટે

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ NC સર્ટીફીકેટ ફી :-

મેમ્બર માટે : રૂ.500/- + 18 % GST
નોન મેમ્બર માટે : રૂ.1000/- + 18 % GST

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની નવી લાઈફ મેમ્બરશીપ લેવા અંગે

ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના દરેક પ્લોટ/શેડ માલિકોને જણાવવાનું કે **ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનની નવી લાઈફ મેમ્બરશીપ મેવવા માટે નીચે પ્રમાણે કાગળો રજુ કરવા.**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ વીજળી બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ રૂ.11000/- + 18 % GST (1000 ચો. મી. થી ઓછા એરિયા માટે)
- ★ પાણીના ભરેલા બીલની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ રૂ.21000/- + 18 % GST (1000 ચો. મી. થી વધુ એરિયા માટે)
- ★ રૂ.5000/- + 18 % GST (દાખલ ફી)

## પાણીના બીલમાં નામ બદલવા અંગે

**પાણીના બીલમાં નામ બદલવા અંગે નીચ પ્રમાણે કાગળો રજુ કરવા.**

- ★ કંપનીના લેટરપેડ ઉપર અરજી.
- ★ ચાલુ મહિનાનું પાણીનું બીલ.
- ★ AMC પ્રોપર્ટી ટેક્ષ બીલ-રીસીપ્ટની ઝેરોક્ષ-લેટેસ્ટ.
- ★ જીઆઈડીસી એલોટમેન્ટ લેટર/ટ્રાન્સફર લેટર/ઓફીસ ઓર્ડર.
- ★ રૂ.1000/- + 18 % GST (દાખલ ફી)
- ★ પાણીના બીલમાં નામ બદલવા માટેનું ફોમ.
- ★ ચાલુ મહિનાનું વીજળી બીલ.
- ★ યુઝર કોન્ટ્રીબ્યુશનભરેલ હોવું જોઈએ.
- ★ GST પ્રોવિઝન સર્ટીફીકેટ.
- ★ દરેકની ઝેરોક્ષ અને ઝેરોક્ષમાં સહી-સિક્કા કરાવવા.

આપના પ્લોટ/શેડની આજુબાજુ, બહાર કે રોડ ઉપર ક્યાય પણ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટને લગતો કચરો, બર્ફિંગનો કચરો, માટી તેમજ ગેર-કાયદેસરનું બાંધકામ આ તમામ બાબતો દુર થશે ત્યારબાદ જ આપશ્રીને આપણા પ્લોટ/શેડ ઉપર જે તે No Due / NOC / 2-R તેમજ New life Membership આપવામાં આવશે.

આપના પ્લોટ/શેડનો **Email ID તથા WhatsApp Number તાત્કાલિક ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફિસે રજીસ્ટ્રર કરાવશો** જેથી સમયસર આપના સુધી મહત્વની માહિતીઓને માહિતગાર કરી શકાય.

પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) ના ઓક્ટોબર 2024 ના આગામી પ્રોગ્રામ

ODHAV INDUSTRIES ASSOCIATION

AHMEDABAD MANAGEMENT ASSOCIATION

# OIA - AMA PROGRAMS

## OCTOBER 2024

**Venue for all Programs:**
**ODHAV INDUSTRIES ASSOCIATION**
**H-31 to 34 & H-53, Opp. ESI Hospital, Nr. Chotalal's Chawl,**
**G.I.D.C. Estate, Odhav, Ahmedabad - 382 415.**
**E-mail: odhaveidl@gmail.com**

| No | Date/Time | Topic | Faculty | Fees (Incl. 18% GST) |
|---|---|---|---|---|
| 1 | October 10<br>3.00 PM to 6.00 PM | ENHANCE YOUR BUSINESS WITH DIGITAL MARKETING | Mr. Amit Panchal | 500 |
| 2 | October 17<br>3.00 PM to 6.00 PM | EXPLORING E-COMMERCE - A NEW WAY TO GROW YOUR EXPORT BUSINESS | Mr. Gaurang Vasavada | 500 |
| 3 | October 18<br>4.00 PM to 6.00 PM | MACRO AND MICRO GOAL SETTING FOR BUSINESS EXCELLENCE | Mr. Bhagyesh Dave | NO FEE |

**ALL THE PROGRAMS WILL BE CONDUCTED AT OIA CAMPUS**
Please send your registration details mentioning name of the programme, programme date, participant name, mobile number and e-mail ID on: ama@amaindia.org;
Phone No.: 079-26308601 to 5; WhatsApp. No. 7203030990

**THIS PROGRAM LIST IS SUBJECT TO CHANGE.**
**PLEASE REFER TO AMA WEBSITE FOR LATEST UPDATES.**


## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં જાહેરાત અંગે

આપનાં ધંધા-વ્યવસાયની ઓઢવ જીઆઈડીસી વિસ્તારમાં જાહેરાત આપવા માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં **કલર/બ્લેક એન્ડ વાઈટ જાહેરાત** આપીને આપશ્રી આપનાં ધંધા-વ્યવસાયનો બહોળો પ્રચાર કરી શકો છો. આ માટે ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનનાં બુલેટીનમાં કલર/બ્લેક એન્ડ વાઈટ જાહેરાત આપવાનાં નવા ભાવ **18 % GST સાથે** નીચે મુજબ છે.

| સાઈઝ | | માસિક બુલેટીનનો દર (અંક દીઠ) | | વાર્ષિક બુલેટીનનો દર | |
|---|---|---|---|---|---|
| | | બ્લેક એન્ડ વાઈટ | કલર | બ્લેક એન્ડ વાઈટ | કલર |
| ક્વોટર પેજ | 06 X 18.5 cm | રૂ. 779/- | રૂ. 1298/- | રૂ. 9346/- | રૂ. 15576/- |
| હાફ પેજ | 12 X 18.5 cm | રૂ. 1558/- | રૂ. 2336/- | રૂ. 18691/- | રૂ. 28037/- |
| ફૂલ પેજ | 24 X 18.5 cm | રૂ. 2596/- | રૂ. 3894/- | રૂ. 31152/- | રૂ. 46728/- |

વાર્ષિક બુલેટીનના ભાવ 12 મહિનાની જાહેરાત ઉપર 02 મહિનાની જાહેરાત વધારે આપવામાં આવશે. જેનો કોઈ ચાર્જ લેવામાં આવશે નહી. **જાહેરાતના 18 % GST સાથેના નવા ભાવ 01-04-2024 થી 31-03-2025 સુધી અમલમાં લેવામાં આવશે.**

**માસિક પાણીના બીલની પાછળના ભાગમાં જાહેરાત પ્રિન્ટ કરી આપવા માંગતા હોય તેઓ માટેનો ચાર્જ રૂ.11500/- + 18 % GST અને જો જાહેરાત પ્રિન્ટ કર્યા વગર આપવાની હોય તો રૂ.7500/- + 18 % GST સાથેનો ચાર્જ લાગશે.**


પોતે સુરક્ષિત.... બધાજ સુરક્ષિત... દેશ સુરક્ષિત...